# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ  કરી.
- લોકસભા ચૂંટણી સંદર્ભે રાજયમાં મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- અમદાવાદ લોકસભા બેઠક વિસ્તારોમાં રાજકીયપક્ષોને જાહેરસભા- સરઘસ અને રેલીની પરવાનગી માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સીસ્ટમ શરૂ કરવામાં આવી.
- ભારતીય ટેલીકોમ નિયંત્રણ સત્તામંડળે રાષ્ટ્રીય પ્રસારણ નીતિ 2024ની રચના માટે હિતધારકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા.
- ઇજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઇન અરજી કરવાની કામગીરીનો આજથી આરંભ થયો.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે 148મું અંગદાન થતાં અત્યારસુધીમાં અંગદાનનો આંકડો 477 થયો.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## EC MYTH VS REALITY

**કેન્દ્રીય ચૂંટણી પંચે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ કરી છે. આ મંચ ચૂંટણી પંચની અધિકૃત વેબસાઇટ દ્વારા લોકો માટે ઉપલબ્ધ છે.**

**ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યું હતું કે આ મંચનો ઉપયોગ માહિતીની ચકાસણી કરવા, ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા, ગેરમાન્યતાઓને દૂર કરવા અને સાચી માહિતી વિશે માહિતગાર રહેવા માટે કરી શકાય છે.**

## **Election**-1

લોકસભા ચૂંટણીને સંદર્ભે રાજયમાં મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

ગાંધીનગર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ વિદ્યાર્થીઓને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં 10 મિનીટ દેશ માટેના સુત્ર સાથે દરેક નાગરિકે મતદાનના દિવસે 10 મિનીટ મતદાન માટે ફાળવવા અપીલ કરી હતી.

જામનગરની એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે લોકસભા ચૂંટણી અંતર્ગત સિગ્નેચર કેમ્પેઇન કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ મતદાન માટેના બોર્ડ ઉપર પોતાના નામની સહી કરી મતદાન અંગે સંકલ્પ લીધા હતા.

ભાવનગર કલેકટર કચેરી ખાતે લોકસભા ચૂંટણી અંતર્ગત જીલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં જીલ્લાના નોડલ અધિકારીઓની બેઠક યોજાઇ ગઇ. આ બેઠકમાં સ્વીપ કમિટિના સભ્યોએ ચૂંટણી અંગે કામગીરીની ચર્ચાઓ કરવામાં આવી.

સુરતમાં અઠવાલાઇન્સ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી જીલ્લા કોર્ટ વિસ્તાર ખાતે મતદાન જાગૃતિ માટે વોકેથોન રેલી યોજાઇ ગઇ. જીલ્લા ચૂંટણી અધિકારીએ લીલી ઝંડી આપીને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

વડોદરા જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા એમએસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી ખાતે યુવા મતદારો માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં પરફોર્મિંગ આર્ટસના વિદ્યાર્થીઓ દ્વારા નુક્કડ નાટક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

તાપી જિલ્લાના વ્યારામાં માહિતી કચેરી ખાતે જીલ્લા ચૂંટણી અધિકારીએ લોકસભા ચૂંટણી અંગેની માહિતી મીડિયા કર્મીઓ તેમજ નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે  મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરીંગ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.

સુરતના વેસુના સુદા ભવન ખાતે મતદાન જાગૃતિ અંગે બેઠક યોજાઈ. આ બેઠકમાં મહત્તમ મતદારો મતદાન કરે અને લોકશાહીના આ અવસરમાં વધુમાં વધુ લોકો સહભાગી બને તે અર્થે જિલ્લા ચૂંટણી તંત્રના પ્રયાસો અંગે ચર્ચા કરાઈ.

ડાંગ જીલ્લાના આહવા ખાતે કાર્યરત કરાયેલા મિડીયા સેન્ટરની જીલ્લા ચૂંટણીઅધિકારીએ આકસ્મિક મુલાકાત લઇ ફરજ પર નિયુક્ત કર્મચારીઓને સમયબદ્ધ કામગીરી કરવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

કચ્છ જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા કચ્છમાં આયોજીત ધંગ્રના મેળામાં મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઇ હતી.

## Ahmedabad Lok Sabha Seat - Single Window

**અમદાવાદ લોકસભા બેઠક વિસ્તારોમાં રાજકીયપક્ષોને જાહેરસભા- સરઘસ અને રેલીની પરવાનગી માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સીસ્ટમ શરૂ કરવામાં આવી છે.**

**સિંગલ વિન્ડો સીસ્ટમમાંથી રાજકીયપક્ષોને ઝુંબેશ માટે વાહનોનો ઉપયોગ કરવાની પરવાનગી પૂરી પાડવામાં આવશે. આ અંગે વધુ વિગતો આપતા અમદાવાદ જીલ્લાના ડેપ્યુટી કલેકટર રિદ્ધિ શુકલએ જણાવ્યું કે, અત્યાર સુધી સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા સભા અને રેલી માટે 18 અરજીઓ ચૂંટણીપ્રચારમાં વાહનોના**

ઉપયોગ અંગે 4 અરજીઓ અને ચૂંટણી પ્રચાર અંગે હોર્ડીંગ્સની 43 અરજીઓને પરવાનગી આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પરવાનગી મેળવવા માંગતા ઉમેદવારોએ કાર્યક્રમના ઓછામાં ઓછા 48 કલાક પહેલાં અમદાવાદ જીલ્લા કલેકટર કચેરી ખાતે આવેલ સિંગલ વિન્ડો સિસ્ટમની કચેરીમાં નિયત નમૂનામાં અરજી કરવાની રહે છે.

## SC - PATANJALI

સર્વોચ્ચ અદાલતે ભ્રામક જાહેરાતોના કેસમાં પતંજલિ આયુર્વેદ સંસ્થા, તેના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ અને તેના સહ-સ્થાપક બાબા રામદેવની કડક શબ્દોમાં ટીકા કરી છે. સર્વોચ્ચ અદાલતની ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ એહસાનુદ્દીન અમાનુલ્લાહની સંયુક્ત ન્યાયપીઠે ભારતીય તબીબી સંગઠન દ્વારા પતંજલિ સામે કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન આવું કડક વલણ અપનાવ્યું હતું.

ન્યાયાધીશોએ જણાવ્યું હતું કે પતંજલિના MD બાલકૃષ્ણ દ્વારા દાખલ કરવામાં આવેલ સોગંદનામાંની વિગતોથી અદાલતને સંતોષ થયો નથી, અને અદાલત આ ખુલાસાનો સ્વીકાર કરતી નથી. જોકે સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને બાલકૃષ્ણને એક સપ્તાહમાં ફરીથી સોગંદનામું દાખલ કરવાની તક આપી છે.

અદાલતે કેન્દ્રીય આયુષ મંત્રાલય પાસેથી અન્ય ઉપચાર પદ્ધતિઓનું અપમાન કરતી પતંજલિની જાહેરાત અંગે કાર્યવાહી કેમ કરાઇ નથી, તેનો ખુલાસો માંગ્યો છે.

## TRAI---BROADCASTING-POLICY

ભારતીય ટેલીકોમ નિયંત્રણ સત્તામંડળ ટ્રાઇએ રાષ્ટ્રીય પ્રસારણ નીતિ 2024ની રચના માટે હિતધારકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. સંબંધિતો પ્રસારણ નીતિ અંગેના સૂચનો આગામી 30મી એપ્રિલ સુધી મોકલી શકશે.

દૂરસંદેશા વ્યવહાર મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે પ્રસારણ ક્ષેત્ર દેશમાં વિકસી રહેલું ક્ષેત્ર છે અને દેશની અર્થવ્યવસ્થામાં મહત્વનું યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે.

ટ્રાઇએ આજે જાહેર કરેલા પ્રસારણ નીતિ અંગેના મુસદ્દામાં સાર્વજનિક પ્રસારણ સેવામાં સુધારો, પ્રસાર માધ્યમો અને મનોરંજન ક્ષેત્રના વિવિધ મુદ્દાઓ તેમજ પાયરસી અર્થાત્ મહત્વની સામગ્રીની ગેરકાયદેસર ઉઠાંતરી રોકવી - જેવા વિવિધ મુદ્દાઓ આવરી લેવાયા છે.

## Class – 12 Science

ઇજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઇન અરજી કરવાની કામગીરીનો આજથી આરંભ થયો છે. ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ આજથી આગામી 15મી મે 2024 સુધી ઓનલાઇન પદ્ધતિથી પ્રવેશ માટે અરજી કરી શકે છે.

વિદ્યાર્થીઓએ તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને અને 350 રૂપિયાની નોન રીફંડેબલ ફી સાથે અરજી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષ 2024-25ના પ્રવેશ માટે પ્રવેશ સમિતિ દ્વારા હાથ ધરાયેલી ઓનલાઇન પદ્ધતિથી જ વિદ્યાર્થીઓએ અરજી કરવાની રહેશે.

અભ્યાસક્રમમાં પ્રવેશ પદ્ધતિ અને પ્રવેશને લગતી વિવિધ માહીતી વિદ્યાર્થીઓને સત્તાવાર વેબસાઇટ gujacpc.nic.in પરથી મળી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સવારે 8 થી રાતના 12 વાગ્યા સુધી ઉપલબ્ધ હેલ્પલાઇન નંબર 079-26566000 પરથી પ્રવેશ પ્રક્રિયા અંગે માહીતી મેળવી શકશે.

## Ahmedabad Civil Organ Donation

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે 148મું અંગદાન થતાં અત્યારસુધીમાં અંગદાનનો આંકડો 477 થયો છે. આ અંગદાનથી 460 લોકોને નવજીવન મળ્યું છે.

ખેડા જિલ્લાના કપડવંજના રહેવાસી 19 વર્ષીય યુવાન અકસ્માતમાં બ્રેઈન ડેડ થતા યુવકની માતાએ અંગદાનનો નિર્ણય કર્યો. અને ચાર જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ વધુ વિગત આ મુજબ આપી.

(બાઈટ - અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી)

## SVPI

સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ અમદાવાદ ખાતે સૌપ્રથમ વાર ઇન્ટેલીજન્ટ રોબોટથી સફાઇ કામકાજનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

હવે એરપોર્ટ ટર્મિનલ પર મુસાફરોને વધુ સ્વચ્છ અને સુઘડ વાતાવરણ મળી રહે તેની ખાતરી રોબોટ કરશે.

સ્વચ્છતા માટેના આ રોબોટ દર કલાકે 13 હજાર સ્કવેરફીટને આવરી શકે છે. સિંગલ ચાર્જમાં તેઓ સતત આઠ કલાક કામ કરી શકે છે. રોબોટ્સને રીચાર્જ કરવામાં છ કલાક જેટલો સમય લાગે છે. સ્વચ્છતા માટેના આ રોબોટ્સમાં સફાઇકાર્યો સહિત મુસાફરોની સરળતા સાથે અવરોધો ટાળવા જેવા અધ્યતન સેન્સર લગાડેલા છે.

આ રોબોટ્સથી એરપોર્ટમાં સ્વચ્છતા સહિતના કામોમાં ખાસ્સા એવા સમયનો બચાવ થશે.

## Train change

અમદાવાદ રેલવે સ્ટેશને પુનઃવિકાસની કામગીરી ચાલી રહી હોવાથી અમદાવાદથી ઉત્તરભારત તરફની કેટલીક ટ્રેનો તબક્કાવાર હવે સાબરમતી અને ગાંધીનગર રેલવેસ્ટેશનેથી આવાગમન કરશે.

વૈષ્ણોદેવી કટરાથી અમદાવાદ સુધીની અઠવાડિક એકસપ્રેસ આજથી સાબરમતી સુધી ચલાવાશે અને સાબરમતીથી જ ઉપડશે. આ ટ્રેન આજે રાત્રે સાડા નવ વાગ્યે સાબરમતી પહોંચશે.

એવી જ રીતે લખનઉ અમદાવાદ અઠવાડિક એકસપ્રેસ આજથી સાબરમતીથી ચલાવાશે. ગત 28મી માર્ચથી આજ દિન સુધીમાં અમદાવાદ-વારાણસી એકસપ્રેસ, અમદાવાદ-ગોરખપુર અઠવાડિક એકસપ્રેસ અને અમદાવાદ સુલતાનપુર અઠવાડિક એકસપ્રેસનું આવાગમન કાલુપુરના બદલે સાબરમતીથી શરૂ થયું છે.

નવી દીલ્હી અમદાવાદ સુવર્ણજયંતિ રાજધાની એકસપ્રેસ આગામી છઠ્ઠી એપ્રિલથી સાબરમતીથી ચલાવાશે.

આ ઉપરાંત અમદાવાદ-વેરાવળ સુપરફાસ્ટ એકસપ્રેસ આજે રાત્રે નવ વાગીને 55 મીનીટે કાળુપુરના બદલે હવેથી ગાંધીનગરથી ઉપડશે.

એવી જ રીતે અમદાવાદ-જમ્મુતાવી એકસપ્રેસ હવેથી ગાંધીનગરથી આવાગમન કરશે.